# પ્રસાર ભારતી

# નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 17-07-2024 સવારે : 7.45 થી 7.55

- ✓ સરકારે નીતિ આયોગની રચનામાં ફેરફાર કર્યોઃ કૃષિ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણનો સમાવેશઃ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ચેરપરસન પદે યથાવત
- ✓ આંતરરાષ્ટ્રીય નાણા ભંડોળે વર્તમાન નાણાકીય વર્ષ માટે ભારતીય અર્થતંત્રની વૃધ્ધિનો અંદાજ 20 અંક વધારીને સાત ટકા કર્યો
- ✓ આજે દેશભરમાં આશુરા-એ-મુહરમનાં પર્વની શ્રધ્ધાપૂર્વક ઉજવણી થઈ રહી છે
- ✓ ઓમાનની રાજધાની મસ્કતમાં મસ્જિદ પર થયેલા હુમલામાં એક ભારતીય નાગરિક સહિત છ લોકોનાં મૃત્યુ
- ✓ આગામી ત્રણ દિવસ દરમિયાન કોંકણ, ગોવા અને મધ્ય મહારાષ્ટ્રમાં ભારે વરસાદની હવામાન ખાતાની આગાહી
- ✓ સ્વીડિશ ઓપન ટેનિસમાં, ભારતના સુમિત નાગલે મેન્સ સિંગલમાં સ્વિડનના 'ઇલિયાસ યમેર'ને 6-4, 6-3થી હરાવ્યા

## *NITI AAYOG COMPOSITION*

**સરકારે નીતિ આયોગની રચનામાં ફેરફાર કર્યો છે. કૃષિ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણને હોદ્દાની રૂએ સભ્ય તરીકે સામેલ કરવામાં આવ્યા છે. આયોગમાં સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ, ગૃહ મંત્રી અમિત શાહ અને નાણા મંત્રી નિર્મલા સીતારમણ પણ હોદ્દાની રૂએ સભ્ય છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ચેરમેન અને સુમન બેરી વાઈસ ચેરમેન પદે યથાવત રહેશે.**

એક સરકારી જાહેરનામામાં જણાવવામાં આવ્યું છે કે, માર્ગ પરિવહન મંત્રી નીતિન ગડકરી, આરોગ્ય મંત્રી જગત પ્રકાશ નડ્ડા, પોલાદ મંત્રી એચડી કુમારસ્વામી, MSME મંત્રી જીતન રામ માઝી, પંચાયતીરાજ મંત્રી રાજીવ રંજન સિંહ, સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી ડૉ. વીરેન્દ્ર કુમાર, નાગરિક છે. ઉડ્ડયન મંત્રી કે રામમોહન નાયડુ, આદિજાતિ બાબતોના મંત્રી જુઅલ ઓરામ, મહિલા અને બાળ વિકાસ મંત્રી અન્નપૂર્ણા દેવી, ખાદ્ય પ્રક્રિયા મંત્રી ચિરાગ પાસવાન અને આયોજન મંત્રી રાવ ઈન્દ્રજીત સિંહને વિશેષ આમંત્રિતો તરીકે સ્થાન આપવામાં આવ્યું છે.

.................

## *IMF - INDIA GDP*

આંતરરાષ્ટ્રીય નાણા ભંડોળ-આઇએમએફે વર્તમાન નાણાકીય વર્ષ માટે ભારતીય અર્થતંત્રની વૃધ્ધિનો અંદાજ 20 અંક વધારીને સાત ટકા કર્યો છે.

અગાઉ એપ્રિલ મહિનામાં પણ આઇએમએફે વર્લ્ડ ઇકોનોમિક આઉટલુકમાં ભારતની જીડીપી 30 અંક વધીને 6.8 ટકાએ પહોંચવાનો અંદાજ વ્યક્ત કર્યો હતો.

આઇએમએફે તેની છેલ્લી આર્થિક રૂપરેખામાં જણાવ્યું છે કે ભારતમાં ખાસ કરીને ગ્રામીણ વિસ્તારમાં ખાનગી વપરાશ વધ્યો હોવાથી વૃધ્ધિનો અંદાજ વધારવામાં આવ્યો છે. આ સાથે, ભારત વિશ્વના સૌથી ઝડપથી વૃધ્ધિ પામતા અર્થતંત્ર તરીકે યથાવત રહ્યું છે.

બીજી બાજુ, આંતરરાષ્ટ્રીય નાણા ભંડોળે કેલેન્ડર વર્ષ 2024 માટે વૈશ્વિક વૃધ્ધિનો દર 3.2 ટકા પર યથાવત રાખ્યો છે, જ્યારે 2025માં નજીવો વધારીને 3.3 ટકા કર્યો છે. ચીનનો સુધારેલો વૃધ્ધિ દર પાંચ ટકા રાખવામાં આવ્યો છે.

.................

## *ALL PARTY MEET*

સંસદના બજેટ સત્ર પૂર્વે સરકારે રવિવારે સર્વપક્ષીય બેઠક બોલાવી છે. બેઠક દરમિયાન સરકાર સંસદના બંને ગૃહોનું કામકાજ સુનિશ્ચિત કરવા માટે તમામ રાજકીય પક્ષો પાસેથી સહકાર માંગશે.

બજેટ સત્ર 22 જુલાઇથી 12 ઓગસ્ટ સુધી ચાલશે. 23મી જુલાઈના રોજ કેન્દ્રીય બજેટ રજૂ કરવામાં આવશે. નરેન્દ્ર મોદી સરકારના ત્રીજા કાર્યકાળમાં આ પહેલું બજેટ હશે. ગયા મહિને સંસદના બંને ગૃહોની સંયુક્ત બેઠકને સંબોધિત કરતા રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ભારપૂર્વક જણાવ્યું હતું કે આ બજેટ સરકારની દૂરોગામી નીતિઓ અને ભવિષ્યનાં અભિગમનો અસરકારક દસ્તાવેજ હશે.

.................

## *MUHARRAM*

આજે દેશભરમાં આશુરા-એ-મુહરમની શ્રધ્ધાપૂર્વક ઉજવણી થઈ રહી છે.

સાતમી સદીમાં કરબલાના મેદાનમાં સત્ય અને ન્યાય માટે પોતાનાં જીવનું બલિદાન આપનારા મહમ્મદ પૈગંબરનાં પૌત્ર હઝરત ઇમામ હુસૈન અને તેમનાં સાથીઓનાં બલિદાનની યાદમાં આજના દિવસે શોક મનાવવામાં આવે છે. આ પ્રસંગે તાજીયાનું સરઘસ કાઢવામાં આવે છે. કરબલાનાં શહીદોને યાદ કરવા આજે દેશભરમાં મજલિસ એટલે કે ધાર્મિક સભાઓનું આયોજન પણ કરવામાં આવ્યું છે. આ પ્રસંગે સલામતીનો ચાંપતો બંદોબસ્ત કરવામાં આવ્યો છે.

.................

## *MID BREAK- NEWS- NATIONAL*

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો, જે અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરી શકો છો...

.................

## *OMAN-SHOOTING*

ઓમાનની રાજધાની મસ્કતમાં અલી બિન અબી તાલિબ મસ્જિદ પર થયેલા હુમલામાં એક ભારતીય નાગરિક સહિત છ લોકોનાં મૃત્યુ થયા હતા.

ઓમાનમાં ભારતીય દૂતાવાસે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર જાનહાનિ વિશે માહિતી આપતા જણાવ્યું હતું કે ગઈકાલે રાત્રે થયેલા ગોળીબારમાં અન્ય એક ભારતીય નાગરિકને ઇજા થઈ હતી. ઓમાનના સલામતી સૈનિકો સાથેની અથડામણમાં ત્રણ અજાણ્યા બંદૂકધારીઓનું ઘટનાસ્થળે જ મૃત્યુ થયું હતું. હુમલામાં સલામતી કર્મચારીઓ સહિત વિવિધ દેશોનાં લગભગ 28 નાગરિકોને ઇજા થઈ હતી.

દરમિયાન, મસ્કતમાં અમેરિકન દૂતાવાસે પણ ગોળીબારને પગલે સલામતી એલર્ટ જાહેર કર્યું છે. આ ગોળીબાર મોહરમની પૂર્વસંધ્યાએ થયો હતો. ઓમાનમાં શિયા મસ્જિદ પર આ પ્રથમ હુમલો છે.

.................

## *IMD – FORECAST*

ભારતીય હવામાન વિભાગે આગામી ત્રણ દિવસ દરમિયાન કોંકણ, ગોવા અને મધ્ય મહારાષ્ટ્રમાં ભારે વરસાદની આગાહી કરી છે. હવામાન વિભાગે જણાવ્યું કે, આગામી ચાર દિવસ દરમિયાન ગુજરાત, કર્ણાટક, છત્તીસગઢ, ઓડિશા, કેરળ, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ અને ત્રિપુરામાં પણ ભારેથી અતિભારે વરસાદની શક્યતા છે.

હવામાન વિભાગે આગામી ચાર દિવસ દરમિયાન હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, પૂર્વ રાજસ્થાન, જમ્મુ, કાશ્મીર, લદ્દાખ, પંજાબ, હરિયાણા, દિલ્હી, ઉત્તર પ્રદેશ અને પશ્ચિમ રાજસ્થાનમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે.

દરમિયાન, સતત ભારે વરસાદને કારણે કેરળમાં સત્તાવાળાઓએ આજે આઠ જિલ્લાઓમાં શૈક્ષણિક સંસ્થાઓમાં રજા જાહેર કરી છે. આ જિલ્લાઓમાં કન્નુર, કોઝિકોડ, વાયનાડ, પલક્કડ, થ્રિસુર, ઇડુક્કી, અલપ્પુઝા અને કોટ્ટાયમનો

સમાવેશ થાય છે. જેમાં ટ્યુશન કેન્દ્રો, આંગણવાડીઓ અને વ્યાવસાયિક કોલેજો સહિતની તમામ શિક્ષણ સંસ્થાઓનો સમાવેશ થાય છે. હવામાન વિભાગે ચેતવણી આપી છે કે રાજ્યમાં આગામી ચાર દિવસ સુધી ભારે વરસાદ ચાલુ રહેશે

.................

## *TENNIS - SUMIT NAGAL*

સ્વીડિશ ઓપન ટેનિસમાં, ભારતના સુમિત નાગલે ગઈ કાલે સ્વીડનના બાસ્તાડ ટેનિસ સ્ટેડિયમમાં મેન્સ સિંગલમાં સ્વીડિશ 'ઇલિયાસ યમેર'ને 6-4, 6-3થી હરાવ્યા હતા.

દરમિયાન, પેરિસ ઓલિમ્પિક માટે ક્વોલિફાય થયેલા સુમિત નાગલ એટીપી રેકિંગમાં કારકિર્દીના સર્વશ્રેષ્ઠ 68મા સ્થાને પહોંચી ગયા છે. નાગલ પાંચ ક્રમ આગળ આવ્યા છે. 26 વર્ષીય નાગલ 1973થી શરૂ થયેલાં એટીપી રેન્કિંગમાં મોખરે રહેનારા અત્યાર સુધીનાં ભારતીય ખેલાડીઓમાં ચોથા ક્રમે છે. પ્રસિધ્ધ ટેનિસ સ્ટાર વિજય અમૃતરાજ વર્ષ 1980માં 18મા ક્રમે હતા.

આ સીઝનમાં નાગલે હેલિબ્રોન અને ચેન્નાઇ ચેલેન્જર એમ બે ચેલેન્જર ટાઇટલ હાંસલ કર્યા છે.

.................

## *CONSUMER--PULSES*

ગ્રાહક બાબતો વિભાગના સચિવ નિધિ ખરેએ જણાવ્યું છે કે છેલ્લા એક મહિનામાં ચણા, તુવેર અને અડદની દાળના જથ્થાબંધ ભાવમાં ચાર ટકાનો ઘટાડો થયો છે.

જોકે છુટક ભાવમાં આવો કોઈ ઘટાડો જોવા મળ્યો નથી. સુશ્રી ખરેએ ગઈકાલે ભારતીય છૂટક વેપારી મહામંડળ સાથેની બેઠકમાં કઠોળના ભાવ અને તુવેર તથા ચણાની સંગ્રહ મર્યાદા અંગે ચર્ચા કરી હતી. વર્તમાન ભાવો અને ખરીફ પાકને ધ્યાનમાં રાખીને સચિવશ્રીએ વેપારીઓને કઠોળના ભાવ અંકુશમાં રાખવા સરકારના પ્રયાસોમાં તમામ શક્ય સહકાર આપવા જણાવ્યું

હતું. તેમણે કહ્યું કે સરકાર તુવેર અને અડદનું ઉત્પાદન વધારવા માટે શક્ય તમામ પ્રયત્નો કરી રહી છે.

.................

## TEACHER- AWARD DATE

રાષ્ટ્રીય શિક્ષક પુરસ્કાર-2024 માટે પાત્ર શિક્ષકો તરફથી ઓનલાઈન સ્વ-નામાંકન માટે નોંધણી કરવાની છેલ્લી તારીખ ગુરુવાર સુધી લંબાવવામાં આવી છે. અરજદારો 21મી જુલાઈ સુધીમાં તેમની અરજી રજૂ કરી શકે છે. શિક્ષણ મંત્રાલયના પોર્ટલ

નેશનલએવોર્ડ્સ ટીચર્સ ડોટ એજ્યુકેશન ડોટ જીઓવી ડોટ ઇન પર ગયા મહિનાની 27મી તારીખથી નામાંકન મંગાવવામાં આવ્યા છે. શિક્ષણ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું છે કે આ વર્ષે ત્રણ તબક્કાની પસંદગી પ્રક્રિયા દ્વારા પચાસ શિક્ષકોની પસંદગી કરવામાં આવશે. 5 સપ્ટેમ્બરે નવી દિલ્હીનાં વિજ્ઞાન ભવન ખાતે યોજાનારા સમારોહમાં રાષ્ટ્રપતિ દ્વારા એવોર્ડ એનાયત કરવામાં આવશે.

.................

## BOMBAY SPEEDY TRIAL

બોમ્બે હાઈકોર્ટે કહ્યું છે કે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીને કેસની ઝડપથી સુનાવણીનો કાયદેસરનો અધિકાર છે.

ન્યાયમૂર્તિ પૃથ્વીરાજ ચવાણની સિંગલ બેન્ચે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ - આરએસએસ વિરુદ્ધ કથિત ટિપ્પણી બદલ શ્રી ગાંધી સામે 2014માં થયેલી બદનક્ષીની ફરિયાદની સુનાવણી દરમિયાન આ ટિપ્પણી કરી હતી. તાજેતરના આદેશમાં અદાલતે જણાવ્યું હતું કે ભારતના બંધારણના અનુચ્છેદ 21 અંતર્ગત દરેક વ્યક્તિને તેની ફરિયાદનો યોગ્યતાના આધારે શક્ય તેટલી ઝડપથી નિર્ણય થાય તેનો અધિકાર છે.

.................

## *BIHAR-ED-RAID*

પ્રવર્તન નિદેશાલય ઈડીએ ગઈકાલે બિહારમાં  મની લોન્ડરિંગ કેસમાં રાષ્ટ્રીય જનતા દળના ભૂતપૂર્વ ધારાસભ્ય ગુલાબ યાદવ અને ભારતીય વહીવટી સેવાના  વરિષ્ઠ અધિકારી સંજીવ હંસ સાથે જોડાયેલા  અનેક સ્થળો પર દરોડા પાડ્યા હતા.

સંજીવ હંસ બિહાર સ્ટેટ પાવર હોલ્ડિંગ કંપની લિમિટેડના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર છે.  તેઓ પૂર્વ ધારાસભ્યના નજીકના સહયોગી હોવાનું મનાય છે. પટનામાં તેમના નિવાસસ્થાન અને કાર્યાલય પર તપાસ હાથ ધરવામા આવી હતી. આ સિવાય  મધુબની, નવી દિલ્હી અને પુણેમાં વિવિધ સ્થળોએ  દરોડા પાડવામાં આવ્યા હતા.  સૂત્રોના જણાવ્યા અનુસાર, દરોડાની કાર્યવાહી દરમિયાન અધિકારીઓએ વાંધાજનક દસ્તાવેજો અને ડિજિટલ રેકોર્ડ જપ્ત કર્યા છે

.................

## *JITENDRA SINGH - HEALTH CLINIC*

વિજ્ઞાન અને ટેકનોલોજી રાજ્ય મંત્રી ડૉ. જિતેન્દ્ર સિંહે ગઈ કાલે ફરીદાબાદના ટ્રાન્સલેશનલ હેલ્થ સાયન્સ એન્ડ ટેક્નોલોજી ઈન્સ્ટિટ્યૂટ ખાતે એશિયાના પ્રથમ આરોગ્ય સંશોધન સંબંધિત "પ્રી-ક્લિનિકલ નેટવર્ક સુવિધા"નું ઉદ્ઘાટન કર્યું હતું.

વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રાલયે જણાવ્યું હતું કે આ સુવિધા વિશ્વની 9મી નેટવર્ક લેબોરેટરી હશે અને સમગ્ર એશિયામાં આવી પ્રથમ પ્રયોગશાળા હશે.

ડૉ. સિંઘે સંશોધન સંસ્થાઓ, યુનિવર્સિટીઓ અને ઉદ્યોગોને માઇક્રોબાયલ કલ્ચર્સ પ્રદાન કરવા માટે ભંડાર તરીકે કાર્ય કરવા માટે જીનેટિકલી ડિફાઈન્ડ હ્યુમન એસોસિએટેડ માઇક્રોબાયલ કલ્ચર કલેક્શન (જી-હ્યુમિક) સુવિધાનું ઉદ્ઘાટન કર્યું. શ્રી સિંહે મંત્રાલય હેઠળના બાયોટેકનોલોજી વિભાગ દ્વારા રસીના

વિકાસ માટે ખાનગી ક્ષેત્ર સાથે એક ડઝનથી વધુ કરારો અને એમઓયુ પર પણ હસ્તાક્ષર કર્યા હતા.

.................